# બેટી બચાવો બેટી પઢાવો વક્તવ્ય

આપણો દેશ અને સમાજ તમામ ક્ષેત્રોમાં ખુબ જ ઝડપથી પ્રગતિ કરી રહયો છે અને આગળ પણ પ્રગતિ કરતો રહેશે. પરંતુ હાલ આપણા દેશમાં પુરુષોની સરખામણીમાં સ્ત્રીઓની સંખ્યા ઘટતી જાય છે એ ખૂબ જ ચિંતાનું કારણ છે.આવુ થવા પાછળનાં ઘણા કારણો છે. સૌથી મોટુ કારણ તો જો દિકરો હોય તો માતાપિતાનાં ઘડપણ ની લાકડી બનશે. સાચવશે. જ્યારે દિકરી હશે તો પરણી ને સાસરે જતી રહેશે. એટલે આપણા સમાજમાં દિકરાનું વધુ મહત્વ છે. એવુ અમુક લોકો માની લે છે.

સમગ્ર ભારતમાં દીકરીઓની શિક્ષત બનાવવા અને દીકરી ભ્રુણ હત્યા દુર કરવા માટે આપણા દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ૨૨મી જાન્યુઆરી 2015 ના રોજ હરિયાણાના પાણીપત શહેરથી બેટી બચાવો બેટી બેટી પઢાવો યોજના શરૂ કરવામાં આવી છે. સમાજમાં નારી ભૃણહત્યાનું દુષણ ઝડપથી પ્રસરી રહયુ છે. આ સમસ્યા પર ગંભીર ચિંતન કરી તેના વિરૂદ્ધ ઝૂંબેશ ઉઠાવવા આપણે સૌએ સક્રિય થવાની જરૂર છે. નહીં તો ભવિષ્યના  સમયમા  વિકટ પરિસ્થિતિ સર્જાશે . શું સ્ત્રી વિહોણી દુનિયાની આપણે કલ્પના પણ કરી શકીશુ ?

પોતાના ઘરમાં દિવો કરે તે દિકરો અને બીજાના ઘરમાં દિવો કરે તે દિકરી. દિકરો એક કુળ તારે છે. જયારે દિકરી તો ત્રણ કુળ તારે છે. દિકરી પિતાનું, મામાનુ તેમજ પતિનું એમ ત્રણ કુળની લાજ રાખે છે. નારી તો ખરેખર નારાયણી છે. જો વહુ નોકરી કરતી, ભણેલી ગણેલી જોઈતી હશે તો તેને શિક્ષણ આપવું જ પડશે. જો નારી શક્તિ નહીં રહે તો આ સૃષ્ટિ પર જન્મદાતા કોણ બનશે? આ સૃષ્ટિ કેવી રીતે ચાલશે?

દુનિયામાં સ્ત્રી જ ન હોય તો સંસાર, વંશવેલો કશું જ સંભવિત નથી. માતા, બહેન, પત્ની વગેરે સ્ત્રી સબંધોની ઓથે જ સંસાર ટકી રહ્યો છે. જીવ જ જીવ ને જન્મ આપી શકે. મૃત પદાર્થમાંથી કદી જીવન ન સંભવે. કહેવાય છે કે,

“પુરુષ ઘરનું આંગણું, નારી ઘરનો મોભ

નારી શક્તિનું રૂપ છે, ન ભૂલો એના જોમ”

સરકારશ્રી વિવિધ યોજનાઓ દ્વારા સ્ત્રીઓને પુરુષ સમાન અધિકાર આપવાના પ્રયત્ન કરી રહી છે. બેટી બચાવો બેટી પઢાઓ યોજના તે પૈકીની એક છે. દેશમાં સતત ઘટી રહેલા કન્યા શિશુ પ્રમાણને સંતુલિત કરવા માટે આ યોજનના શરૂ કરવામાં આવી છે.ભારતમાં પુરુષોની સાપેક્ષમાં સ્ત્રીઓનો સાક્ષરતા દર ખુબ જ ઓછો છે. આ પણ સ્ત્રીઓના શોષણ એક કારણ છે. તેથી બેટી બચાવો બેટી પઢાવો યોજનાનો મૂખ્ય ઉદ્દેશ કન્યાઓને વધુમાં વધુમાં ભણાવવાનો છે.

ભારતની દીકરીઓની વેદનાને વાચા આપવા અને તેમને ભણાવવા માટેના આ કાર્યક્રમને ઘણા લોકોએ વખાણ્યો છે. આ યોજનાનો મુખ્ય ઉદેશ દીકરી પગભર બની શકે અને તે પોતાના અધિકારો મેળવી શકે તે છે. આ યોજનાથી સમગ્ર દેશની દીકરીઓ પોતાને મળતી સેવાઓ અંગે જાણકારી મેળવશે અને આ જાણકારીથી તેમની કાર્યકુશળતા વધશે.કોઇ પણ દેશના માનવીય સંસાધનના રૂપમાં સ્ત્રી અને પુરુષનું મહત્વ એક સમાન છે. સ્ત્રી અને પુરૂષ એ સંસારરૂપી રથના બે પૈડાં છે. કોઇ પણ એક પૈડું ન હોય તો રથ યોગ્ય રીતે ચાલી શકે નહી.

જોકે અત્યારની પરિસ્થિતિમાં થોડોક સુધાર આવ્યો છે. વિવિધ યોજનાઓ અને સરકારના અથાગ પ્રયત્નોથી આજે સ્ત્રીને સમાજમાં મોભાનું સ્થાન પ્રાપ્ત થયું છે, આજે ભારત દેશમાં સ્ત્રીઓ વિવિધ ઉંચા પદો પર બિરાજમાન છે જે આપણા માટે ગૌરવની વાત છે.

આપણે સંકલ્પ લઈએ કે દીકરી દીકરો સમાન ગણી સમાજમાં મોભાનું સ્થાન આપીશુ. બેટી હૈ તો કલ હૈ.

“ભારત માતા કી જય”